# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-03-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સહકારી ક્ષેત્રના વિસ્તરણ માટે વૈશ્વિક સહકારી સંગઠનો સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.
2) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે AI કોક્ષા, AI કમ્પ્યુટ પોર્ટલ અને અન્ય AI-આધારિત પહેલો લોન્ચ કરી.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા, નગરહવેલી, દમણ અને દીવની મુલાકાત લેશે.
4) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવા નાગરિકોએ અસ્પૃશ્યતા, ભેદભાવ અને અસમાનતાઓથી મુક્ત થવું પડશે.
5) યુરોપિયન સંઘના નેતાઓએ સમગ્ર યુરોપમાં સુરક્ષા મજબૂત કરવા માટે યુક્રેન સાથે કટોકટીની વાટાઘાટો શરૂ કરી.
6) ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં આજે હૈદરાબાદ એફસીનો મુકાબલો પંજાબ એફસી સામે હૈદરાબાદમાં શરૂ થયો છે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRIME MINISTER - COOPERATIVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સહકારી ક્ષેત્રના વિસ્તરણ માટે વૈશ્વિક સહકારી સંગઠનો સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે સહકારી સંગઠનો દ્વારા ઓર્ગેનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના મહત્વ પર પણ ભાર મૂક્યો.

પ્રધાનમંત્રીએ આજે દેશમાં સહકારી ક્ષેત્રની પ્રગતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન, શ્રી મોદીએ કૃષિ પદ્ધતિઓ સુધારવા માટે નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને માટી પરીક્ષણ મોડેલ વિકસાવવાનું સૂચન પણ કર્યું.

પ્રધાનમંત્રીએ નાણાકીય વ્યવહારોને સરળ બનાવવા માટે UPI ને RuPay અને કિસાન ક્રેડિટ કાર્ડ સાથે જોડવાના મહત્વનો ઉલ્લેખ કર્યો. તેમણે સહકારી ખેતીને વધુ ટકાઉ કૃષિ મોડેલ તરીકે પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો. શ્રી મોદીએ શાળાઓ, કોલેજો અને મેનેજમેન્ટ સંસ્થાઓમાં સહકારી અભ્યાસક્રમો શરૂ કરવાનો તેમજ ભાવિ પેઢીઓને પ્રેરણા આપવા માટે સફળ સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો. બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીને રાષ્ટ્રીય સહકારી નીતિ અને છેલ્લા સાડા ત્રણ વર્ષમાં સહકાર મંત્રાલયની મુખ્ય સિદ્ધિઓ વિશે માહિતી આપવામાં આવી. સહકાર મંત્રી અમિત શાહ અને વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ASHWINI AI

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે AI કોક્ષ, AI કમ્પ્યુટ પોર્ટલ અને અન્ય AI-આધારિત પહેલો લોન્ચ કરી. શ્રી વૈષ્ણવે ઇન્ડિયાએઆઇ મિશન હેઠળ નવી દિલ્હીમાં આ પહેલો લોન્ચ કરી. AI કોક્ષા એ ઇન્ડિયાએઆઇ ડેટાસેટ્સ પ્લેટફોર્મ છે જે ડેટાસેટ્સ, ટૂલ્સ અને AI મોડેલ્સની સીમલેસ ઍક્સેસ માટે એકીકૃત પોર્ટલ પ્રદાન કરે છે, જ્યારે AI કમ્પ્યુટ પોર્ટલ વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ, સંશોધકો અને સરકારી વિભાગોને કમ્પ્યુટ, GPU અને અન્ય ક્લાઉડ સેવાઓની ઍક્સેસ પ્રદાન કરશે. મંત્રીએ જાહેર ક્ષેત્રના અધિકારીઓ માટે AI કોમ્પિટન્સી ફ્રેમવર્ક અને iGOT-AI પણ લોન્ચ કર્યું, જે iGOT કર્મયોગી પ્લેટફોર્મ પર સરકારી અધિકારીઓ માટે શીખવાના અનુભવને વધારવા માટે એક અદ્યતન AI-સંચાલિત વ્યક્તિગત સામગ્રી ભલામણ સિસ્ટમ છે.

# PM VAISHNAW ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા રાષ્ટ્રીય દૈનિકમાં લખાયેલા લેખની પ્રશંસા કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં લખાયેલા લેખને ટાંકીને શ્રી મોદીએ કહ્યું કે, આ લેખ ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કૃત્રિમ બુદ્ધિમત્તા, સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરીને દેશ તેના ડિજિટલ ભવિષ્યને કેવી રીતે આકાર આપી રહ્યો છે તે વિગતવાર દર્શાવે છે.

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા, નગરહવેલી અને દમણ, દીવની મુલાકાત લેશે. તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગુજરાતના સુરત, નવસારી અને દમણના સેલવાસમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. મુલાકાતના પ્રથમ દિવસે, શ્રી મોદી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના સેલવાસમાં 2 હજાર 587 કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

શ્રી મોદી સેલ્વાસમાં એક જાહેર સભાને સંબોધિત પણ કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી સુરત ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કરવા માટે સુરત જશે. સુરતમાં લગભગ 2 લાખ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભ મળશે.

8 માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, શ્રી મોદી નવસારીમાં 'લખપતિ દીદી સંમેલન'માં હાજરી આપશે. પ્રધાનમંત્રી 25 હજારથી વધુ સ્વ-સહાય જૂથોની અઢી લાખ મહિલાઓને 450 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરશે.

# DELHI - CHIEF MINISTER CHANNEL SAMVAD

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું છે કે ભારત સરકારની તમામ યોજનાઓ હવે દિલ્હીમાં પણ અમલી કરવામાં આવશે અને દિલ્હીના નાગરિકો આ યોજનાઓનો લાભ મેળવી શકશે. એક ખાનગી ચેનલ પરના કાર્યક્રમમાં શ્રીમતી ગુપ્તાએ આરોપ લગાવ્યો હતો કે પાછલી સરકારે શહેરના લોકોને કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓથી વંચિત રાખ્યા હતા.

**(BYTE : REKHA GUPTA,CM)**

Upload National Evening News 06-03-2025 at 7.50 to 8.00 pm-7

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GADKARI-WOMEN'S HONOR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવા માટે નાગરિકોને અસ્પૃશ્યતા, જાતિ આધારિત ભેદભાવ અને અસમાનતાઓથી મુક્ત થવું પડશે.

નવી દિલ્હીમાં લોકમાતા અહલ્યાબાઈ હોલકર મહિલા સન્માનને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમાનતા પર આધારિત સમાજનું નિર્માણ કરવાનો છે. દરેક નાગરિકે માનવું જોઈએ કે વ્યક્તિનું મૂલ્ય તેની જાતિ, ધર્મ, ભાષા કે લિંગ દ્વારા નહીં, પરંતુ તેના ગુણો દ્વારા નક્કી થાય છે.

આ પ્રસંગે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે આદર્શ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત પહેલનો ઉલ્લેખ કર્યો. આ કાર્યક્રમમાં 30 થી વધુ મહિલાઓને સામાજિક સુધારામાં તેમના અમૂલ્ય યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# PRESIDENT WOMEN DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 8મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત આ પરિષદનો વિષય "મહિલા શક્તિથી વિકસિત ભારત" છે. આ કાર્યક્રમમાં સશસ્ત્ર દળો અને અર્ધલશ્કરી દળોના અધિકારીઓ, દિલ્હી પોલીસ, માય ભારત સ્વયંસેવકો, આંગણવાડી કાર્યકરો અને સ્વ-સહાય જૂથના સભ્યો સહિત વિવિધ ક્ષેત્રોની મહિલાઓ ભાગ લેશે.

આ કાર્યક્રમમાં વિશ્વ બેંક, યુનિસેફ, યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે.

# EU-UKRAINE

યુરોપિયન સંઘના નેતાઓએ સમગ્ર યુરોપમાં સુરક્ષા મજબૂત કરવા માટે યુક્રેન સાથે કટોકટીની વાટાઘાટો શરૂ કરી છે. જર્મનીના સંભવિત આગામી ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને શિખર સંમેલનના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ બ્રસેલ્સમાં યુરોપની સુરક્ષાને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. યુરોપિયન પોલિસી સેન્ટરે કહ્યું છે કે અમેરિકા નીતિમાં ફેરફાર બાદ યુરોપે પોતાનું સંરક્ષણ જાતે જ સંભાળવું જોઈએ.

અમેરિકાએ યુક્રેન સાથે ગુપ્ત માહિતી શેર કરવાનું બંધ કરી દીધું છે. સીઆઈએના નિર્દેશક, જોન રેટક્લિફ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, માઈકલ વોલ્ટ્ઝે, ગુપ્તચર સહાય પર પ્રતિબંધની પુષ્ટિ કરી અને કહ્યું કે જો યુક્રેન વાટાઘાટો કરવા સંમત થાય તો પ્રતિબંધ હટાવી શકાય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે યુક્રેનને આપવામાં આવતી લશ્કરી સહાય સ્થગિત કરી દીધી છે. વ્હાઇટ હાઉસમાં તેમની અને યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચે થયેલી શાબ્દિક તકરારના થોડા દિવસો બાદ જ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# DELHI METRO

દિલ્હી મેટ્રોએ આજે વસંત કુંજમાં ગોલ્ડન મેટ્રો લાઇન માટે ટનલનું બાંધકામ પૂર્ણ કર્યું. આ 26 કિલોમીટર લાંબી મેટ્રો લાઇન એરોસિટી-તુગલકાબાદ કોરિડોર હેઠળ ચાલશે.

આ પ્રસંગે, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે ભારતનું મેટ્રો નેટવર્ક વિશ્વનું ત્રીજું સૌથી મોટું નેટવર્ક છે અને તે આ વર્ષે ડિસેમ્બરમાં અમેરિકાના ન્યૂયોર્ક મેટ્રો નેટવર્કને પાછળ છોડી દેશે. તેમણે કહ્યું કે દેશમાં મેટ્રો નેટવર્ક અત્યાર સુધીમાં એક હજાર કિલોમીટરને પાર કરી ગયું છે. ગોલ્ડન મેટ્રો લાઇનનું કામ પૂર્ણ થવાથી દિલ્હી-એનસીઆરના લોકોને ફાયદો થશે.

# MANDVIYA - HEALTH SERVICES

શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સ્વસ્થ અને તંદુરસ્ત ભારતના નિર્માણમાં પ્રોત્સાહન આપતી આરોગ્યસંભાળના મહત્વ પર ભાર મૂક્યો છે.

ડૉ. માંડવિયાએ હરિયાણાના ફરીદાબાદમાં આરોગ્ય પડકારો અને સ્વસ્થ જીવનશૈલી પર આયોજિત સેમિનારને સંબોધન કરતી વખતે આ વાત કહી હતી. શ્રી માંડવિયાએ આરોગ્યસંભાળના મુખ્ય ઘટકો તરીકે ધ્યાન, યોગ અને ઉપવાસના મહત્વ પર પણ ભાર મૂક્યો. કાર્યક્રમ દરમિયાન, તેમણે ફરીદાબાદ સ્થિત ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ત્રણ અત્યાધુનિક તબીબી સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું. આ સુવિધાઓના વધારાથી વીમાધારક કામદારો અને તેમના આશ્રિતો માટે નિદાન અને સારવાર સેવાઓમાં નોંધપાત્ર સુધારો થશે.

# INDIAN SUPER LEAGUE FOOTBALL

ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં આજે હૈદરાબાદ એફસીનો મુકાબલો પંજાબ એફસી સામે હૈદરાબાદમાં શરૂ થયો છે.

દરમ્યાન બાંગ્લાદેશના ક્રિકેટર મુશફિકુર રહીમે એકદિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. 36 વર્ષીય વિકેટકીપર-બેટ્સમેને ગઈકાલે પોતાના ફેસબુક પેજ પર એક પોસ્ટ દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી.

# BANGLADESH - UNITED NATIONS

વિશ્વ ખાધ્ય કાર્યક્રમ -ડબ્લ્યુ. એફ. પી. એ બાંગ્લાદેશને જણાવ્યું છે કે ભંડોળ સંકટને કારણે, સંયુક્ત રાષ્ટ્ર આગામી એપ્રિલથી બાંગ્લાદેશમાં રોહિંગ્યા શરણાર્થીઓ માટે માસિક ખાદ્ય સહાય 12.50 ડોલરથી ઘટાડીને 6 ડોલર કરી રહ્યું છે.

બાંગ્લાદેશમાં શરણાર્થી શિબિરોની દેખરેખ રાખતા ટોચના અધિકારી મોહમ્મદ મિઝાનુર રહેમાને કહ્યું છે કે રોહિંગ્યા શરણાર્થીઓને પહેલાથી જ પૂરતા પૈસા મળી રહ્યા નથી અને આ કાપ પછી પરિસ્થિતિની કલ્પના કરવી મુશ્કેલ છે.

યુનાઈટેડ ન્યૂઝ ઓફ બાંગ્લાદેશના અહેવાલ મુજબ, WFP એ ભંડોળની અછતનો ઉલ્લેખ કર્યો છે, અને કહ્યું છે કે તે પ્રતિ વ્યક્તિ 12.50 ડોલરની ફાળવણી જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ પૂરતું ભંડોળ મળી રહ્યું નથી.

દરમિયાન, રાજદ્વારી સૂત્રોએ જણાવ્યું છે કે યુએસ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા નાણાકીય સહાય પર રોક લગાવવાના કારણે ભંડોળમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે.